# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1) પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાની ચૂંટણી માટે પ્રચાર - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મમતા બેનર્જીની ચૂંટણી સભાઓ.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળમાં ભાજપની જીતની આશા વ્યક્ત કરી.

3) દેશભરમાં આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી.

4) ભારતે માલદીવને 30 અબજ રૂપિયાના પ્રથમ ઉપાડની મંજૂરી આપી.

5) ભારતીય શેરબજારમાં ઘટાડાનું વલણ યથાવત.

6) IPL ક્રિકેટમાં આજે બેંગલુરુ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે બેંગલુરુમાં મુકાબલો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY WB- CAMPAIGNING

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની બીજા તબક્કાની  ચૂંટણી માટે પ્રચાર કરી રહ્યા છે. તેઓ દમદમ ખાતે જાહેર સભા સંબોધશે અને બરુઈપુરમાં બીજી રેલી કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ પણ પ્રચારમાં ભાગ લઈ રહ્યા છે. તેઓ હિંગલગંજ અને કોન્નાગરના લેબુખલી મેદાનમાં જાહેર સભાને સંબોધિત કરશે અને  જગદ્દલ વિધાનસભામાં રોડ શો કરશે.

તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જી ભવાનીપુરમાં પ્રચાર કરશે જ્યારે તૃણમૂલ કોંગ્રેસના મહાસચિવ અભિષેક બેનર્જી આજે હાવડા અને દક્ષિણ 24 પરગણામાં અનેક સ્થળોએ ચૂંટણી સભાઓ અને રોડ શો કરશે.

# EARLY AMIT SHAH W.B.

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે કહ્યું છે કે, બંગાળના લોકોએ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં તમામ રેકોર્ડ તોડી નાખ્યા અને પરિવર્તન માટે ઉત્સાહથી મતદાન કર્યું. આજે કોલકાતામાં એક પત્રકાર પરિષદને સંબોધતા, શ્રી શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બંગાળની ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન થયેલી 152 બેઠકોમાંથી ભાજપ 110 થી વધુ બેઠકો મેળવશે.

તેમણે મુક્ત અને ન્યાયી મતદાન સુનિશ્ચિત કરવા બદલ ચૂંટણી પંચ, સુરક્ષા દળોનો આભાર માન્યો. તેમણે કહ્યું કે, ટીએમસીની વિદાય નિશ્ચિત છે અને ભાજપ બંગાળમાં સંપૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવવા જઈ રહી છે.

(BYTE- AMIT SHAH)

# NATIONAL PANCHAYATI RAJ DAY

દેશભરમાં આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ દેશભરમાં પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો અને કાનૂની માન્યતા આપનારા સીમાચિહ્નરૂપ 73મા બંધારણીય સુધારાના અમલીકરણની યાદમાં ઉજવવામાં આવે છે.ઉજવણીનો રાષ્ટ્રીય સ્તરનો કાર્યક્રમ નવી દિલ્હીમાં યોજાઇ રહ્યો છે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સંદેશ વાંચવામાં આવશે.

# VP-PM-HM-PANCHAYATI RAJ DAY

આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશભરના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે પંચાયતી રાજ પાયાના લોકશાહી અને સહભાગી વહીવટની ભાવનાને મૂર્તિમંત કરે છે. તે સ્થાનિક સમુદાયોને સશક્ત અને સમાવેશી વિકાસને મજબૂત બનાવે છે.

પંચાયતી રાજ દિવસ નિમિત્તે નાગરિકોને અભિનંદન પાઠવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જનસેવા અને રાષ્ટ્ર સેવા પ્રત્યે જનપ્રતિનિધિઓના સમર્પણને દરેક માટે પ્રેરણાદાયક ગણાવ્યું.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, પંચાયત વ્યવસ્થા ભારતની સૌથી જૂની લોકશાહી પરંપરાઓમાંની એક છે અને લોકશાહીનો મજબૂત સ્તંભ છે. તેમણે ઉમેર્યું કે ગ્રામીણ વિકાસ, સામાજિક ન્યાય, આપત્તિ વ્યવસ્થાપનથી લઈને સાંસ્કૃતિક સંરક્ષણ સુધી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી પંચાયતો વધુ સશક્ત અને આત્મનિર્ભર બની રહી છે.

# GOVT - SC EMPOWERNMENT

સરકારે 2025-26 માં 75 લાખથી વધુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે સાત હજાર 981 કરોડ રૂપિયાથી વધુની સહાય પૂરી પાડી છે. સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમારે જણાવ્યું કે, સરકાર લક્ષિત હસ્તક્ષેપો અને કલ્યાણકારી પહેલ દ્વારા સમાજના તમામ વર્ગો માટે સમાવિષ્ટ વિકાસ અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે, સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગ અનુસૂચિત જાતિના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વિદ્યાર્થીઓના શૈક્ષણિક સશક્તિકરણ પર કેન્દ્રિત વિવિધ યોજનાઓ અમલમાં મૂકી રહ્યું છે.

ડૉ. કુમારે ભાર મૂક્યો હતો કે અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનાઓ હેઠળ ખર્ચમાં સતત હકારાત્મક વૃદ્ધિ જોવા મળી છે, જેમાં અનુસૂચિત જાતિઓ અને અન્ય લોકો માટે પ્રી મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ 21 ટકાનો વધારો થયો છે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી એ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફૉરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાનો આજે છેલ્લો દિવસ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# BIHAR –TRUST VOTE

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આજે વિધાનસભાના એક દિવસીય વિશેષ સત્રમાં વિશ્વાસ પ્રસ્તાવ જીત્યો. વિધાનસભામાં વિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા બાદ પ્રસ્તાવ ધ્વનિમતથી પસાર થયો હતો.

ઉલ્લેખનીય છે કે સમ્રાટ ચૌધરીએ 15 એપ્રિલે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. 243 સભ્યોની બિહાર વિધાનસભામાં, બાંકીપુરના ધારાસભ્ય નીતિન નવીનના રાજીનામા બાદ NDA પાસે 201 બેઠકો છે. જે બહુમતી માટે જરૂરી 122 ના આંકડાથી વધારે છે.

# MALDIVES-INDIA

ભારતે સાર્ક કરન્સી સ્વેપ ફ્રેમવર્ક હેઠળ માલદીવ માટે 30 અબજ રૂપિયાના પ્રથમ ઉપાડને મંજૂરી આપી છે.. આ ઉપાડને કારણએ ટાપુ રાષ્ટ્રને તેની ચાલુ નાણાકીય સહાયને મજબૂત બનાવશે. માલે સ્થિત ભારતીય હાઈ કમિશને જણાવ્યું હતું કે ઓક્ટોબર 2024 માં રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુની નવી દિલ્હીની રાજ્ય મુલાકાત દરમિયાન ભારતીય રિઝર્વ બેંક અને માલદીવ સરકાર વચ્ચે થયેલા માળખા હેઠળ પ્રથમ ઉપાડના ભાગ રૂપે ભંડોળ મુક્ત કરાયુ છે.

આ વિકાસ ઓક્ટોબર 2024 માં માલદીવ દ્વારા મેળવેલી અગાઉની 400 મિલિયન યુએસ ડોલરની સુવિધાની પરિપક્વતા પછી થયો છે. માલદીવના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ચુકવણી સરકારની તેની નાણાકીય જવાબદારીઓ પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. 2012 માં ફ્રેમવર્કની શરૂઆત થઈ ત્યારથી, ભારતીય રિઝર્વ બેંકે માલદીવને 1.1 અબજ યુએસ ડોલરથી વધુની સ્વેપ સપોર્ટ આપ્યો છે.

# STOCKS 1200

આજે બપોરના સમયે બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો એક ટકાથી વધુ ઘટીને ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 900 કરતાં વધુ પોઈન્ટ ઘટીને 76 હજાર 750ની સપાટી પર કારોબાર કરી રહ્યો છે , જ્યારે નિફ્ટી 250 પોઈન્ટ કરતાં વધુ ઘટીને 23 હજાર 900 અંકો પર કારોબાર કરી રહ્યો હતો. ક્ષેત્રીય મોરચે, આઈટી સેક્ટર ફાર્મા અને ટેલિકોમ્યુનિકેશનના શેરોમાં ભારે વેચવાલી નિકળી હતી.

# CURIDE OIL

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં આજે સતત પાંચમા દિવસે ક્રૂડ ઓઈલ (કાચા તેલ)ની કિંમતમાં તેજીનું વલણ જોવા મળી રહ્યું છે. બ્રેન્ટ ક્રૂડ આજે પ્રતિ બેરલ 107 ડોલરની સપાટીએ પહોંચી ગયું છે. તેવી જ રીતે વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ (ડબ્લ્યુટીઆઈ) ક્રૂડ પણ આજે પ્રતિ બેરલ 97.60 ડોલરની સપાટીએ પહોંચી ગયું છે. જોકે, પાછળથી કાચા તેલના ભાવમાં સામાન્ય ઘટાડો પણ નોંધાયો હતો.

# IPL

IPL ક્રિકેટમાં, આજે બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે.આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઇકાલે ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સને 103 રનથી હરાવ્યું હતું.

# ISSF JUNIOR SHOOTING WORLD CUP

ઇજિપ્તના કૈરોમાં રમાઈ રહેલા ISSS-જુનિયર શૂટિંગ વિશ્વ કપમાં ભારત બે સુવર્ણ સહિત નવ ચંદ્રક સાથે પદક તાલિકામાં આગળ છે.

પ્રાચી ગાયકવાડે ગઈકાલે જુનિયર મહિલા 50 મીટર રાઇફલ ફાઇનલમાં 354.6 પોઈન્ટ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. પ્રાચીએ રસાકસી ભરી મેચમાં દર્યા ચુપ્રિસને હરાવ્યો હતો. આ સ્પર્ધામાં ભારતનો બીજો સુવર્ણ ચંદ્રક હતો.

અગાઉ, મંગળવારે સ્પર્ધાના પ્રારંભે, શિવા નરવાલે પુરુષોની 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. દરમિયાન, નરેન પ્રણવે જુનિયર પુરુષોની 10 મીટર એર રાઇફલ ફાઇનલમાં 229.5 ના સ્કોર સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ભારતે ચાર રજત અને ત્રણ કાંસ્ય ચંદ્રક પણ જીત્યા છે, જેનાથી ટીમ પદક તાલિકામાં ટોચ પર છે.

# IRAN ITALY-FOOTBALL

ઈટાલીએ આગામી ફિફા વર્લ્ડ કપમાં ઇટાલી સાથે ઈરાનની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમને બદલવા માટે અમેરિકાના એક અધિકારી દ્વારા સૂચવેલા પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો છે. ઇટાલીના રમતગમત મંત્રી એન્ડ્રીયા અબોદીએ જણાવ્યું કે આ પગલું શક્ય નથી અને યોગ્ય પણ નથી. ઓલિમ્પિક સમિતિના પ્રમુખે જણાવ્યું કે ક્વોલિફિકેશન મેરિટ પર આધારિત હોવું જોઈએ.

આ પ્રસ્તાવ અમેરિકાના રાજદૂત પાઓલો ઝામ્પોલી દ્વારા રજૂ કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે, કારણ કે તેમને ઈરાન દ્વારા અચાનક ખસી જવાનો ડર હતો. જોકે, ફિફાએ જણાવ્યું છે કે અમેરિકામાં ઈરાનની મેચો સમયપત્રક મુજબ જ યોજાશે. અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ સ્પષ્ટતા કરી છે કે ઈરાની ખેલાડીઓ પર કોઈ પ્રતિબંધો રહેશે નહીં, પરંતુ તેમના સાથેના કર્મચારીઓ અંગે ચિંતા છે. એશિયામાંથી ક્વોલિફાય થયેલી ઈરાનની ટીમે ટુર્નામેન્ટમાં ભાગ લેવાની પુષ્ટિ કરી છે. ઉલ્લેખનીય છે કે ફિફા વિશ્વ કપ આગામી જૂનમાં યોજાશે.